<u>પોરબંદરનાં નામદાર એડીશ્નલ સેસન્સ જજશ્રી સાહેબની કોર્ટમાં, પોરબંદર</u>

<u>ફોજદારી રીવીઝન અરજી નં. ૩/૨૦૨૬</u>

શ્રી ગુજરાત સરકાર, .......... અરજદાર.

**વિ રૂ દ્ધ**

૧. લાખા કરશન કેશવાલા
ઉ.વ. ૫૮, રહે. પાલખડા ગામના પાદરમાં તા.જી. પોરબંદર.
૨. દિલીપ હરભમભાઈ રાણાવાયા,
ઉ.વ. ૫૨, રહે. જનકપુરી સોસાયટી, કમલાબાગ પાછળ, પોરબંદર.
૩. ઈબ્રાહીમ અબુભાઈ લાખા,
ઉ.વ. ૫૫, રહે. ખાપટ.
સરકારી કર્મચારી સોસાયટી પાસે,
પોરબંદર. .......... સામાવાળા.

**બાબત :- બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ મુજબ રીવીઝન અરજી**

---

**અરજદાર તરફે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા.**
**સામાવાળાઓ તરફે વિ. સરકારી વકીલ શ્રી બી. બી. લાખાણી/**
**એન.જે. જાડેજા/એચ. એમ. ચુંડાવદરા/એસ.ડી. જોખીયા.**

---

**-:: <u>હુકમ</u> ::-**

(૧) અરજદારે હાલની અરજી પોરબંદરના મહે. થર્ડ એડી. ચીફ જયડી મેજી. જજ સાહેબની કોર્ટે ઉધ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૬૦૦૪૯/૨૬, આઈ.પી.સી. કલમ-૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧ ૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાના કામમાં ત.ક.અી.શ્રીએ સામાવાળાઓના રીમાન્ડ

માંગતી કરેલ અરજી નીચે તા. ૨૧–૦૧–૨૦૨૬ ના રોજ આપેલ હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજ કરેલ છે.

(૨) અરજદારે દાખલ કરેલ હાલની અરજી અન્વયે સામાવાળાને કાઢવામાં આવેલ નોટીસ અન્વયે સામાવાળા તરફે વિધ્વાન વકીલશ્રી બી. બી. લાખાણી/એન. જે. જાડેજા તથા વિ.વ.શ્રી એસ.ડી. જોખીયા હાજર થયેલ છે. આ કામે રીવીઝન અરજી અન્વયે અરજદાર તરફે સરકારી વકીલશ્રી તથા સામાવાળાના વિ.વ.શ્રીઓની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૩) આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક રજુઆત તથા કેસ પેપર્સના આધારે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે. :–

**મુદ્દા નં. ૧ :–**

શું અરજદાર પુરવાર કરે છે કે, પોરબંદરના મહે. થર્ડ એડી. ચીફ જયડી મેજી. જજ સાહેબની કોર્ટે ઉધ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૬૦૦૪૯/૨૬, આઈ.પી.સી. કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાના કામે રીમાન્ડ અરજી અન્વયે તા. ૨૧–૦૧–૨૦૨૬ ના રોજ આપેલ હુકમ ભુલ ભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનો તથા ગેરકાયદેસરનો છે?

**મુદ્દા નં. ૨ :–** શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે. :–

**મુદ્દા નં. ૧ :–** ''નકારાત્મક''

**મુદ્દા નં. ૨ :–** ''આખરી હુકમ મુજબ''

(૫) ઉપરોકત નિર્ણયો માટે મારા કારણો નીચે મુજબ છે. :–

**–: કારણો :–**

**<u>મુદ્દા નં. ૧</u> :-**

(૬) જયારે કોઈપણ પ્રકારની રિવીઝન અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે નીચેની કોર્ટે પોતાના હુકમમાં ભુલ કરેલ છે કે કાયદાની જોગવાઈ વિરુધ્ધ કાર્યવાહી અનુસરેલ છે, તે સંજોગોમાં જ આ કોર્ટે તેવા હુકમમાં હસ્તક્ષેપ કરવાનો રહે છે.

(૭) આ કામના અરજદારે એટલે કે સરકાર તરફે સામાવાળાઓ નં. ૧ થી ૩ નાઓને ઉપરોકત ગુન્હામાં અટક કર્યા બાદ વધુ તપાસ માટે દિન-૫ ના રીમાન્ડ માં ગવામાં આવેલ જે મહે. ટ્રાયલ કોર્ટે નામંજુર કરી જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ છે. જે મહે. ટ્રાયલ કોર્ટનો હુકમ આ કામે માર્ક ૩/૩ થી રજુ છે જે મહે. ટ્રાયલ કોર્ટનો હુકમ વંચાણે લેતા સામાવાળા નં. ૧ થી ૩ ને ઉધ્ધોગનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧ ૨૧૮૦૧૦૨૬૦૦૪૯/૨૬, આઈ.પી.સી. કલમ-૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાના કામે તા. ૨૦-૧-૨૬ ના રોજ ૧૯-૧૫ કલાકે અટક કરી અને તા. ૨૧-૧-૨૬ ના રોજ નામ. કોર્ટ સમક્ષ રજુકરી દિન-૫ ના રીમાન્ડ માંગે જે મહે. ટ્રાયલ કોર્ટે વિગતવાર કારણો નોંધી નામંજુર કરતો હુકમ કરેલ છે જે વંચાણે લીધો. તે હુકમથી નારાજ થઈ હાલની આ રીવીઝન અરજી આપેલ છે અને મહે. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી રીમાન્ડ અરજીમાં જણાવેલ ૧ થી ૧૨ કારણો ધ્યાને લઈ મહે. ટ્રાયલ કોર્ટે તા. ૧-૧-૨૬ ના રોજ રીમાન્ડ અરજી નામંજુર કરતો હુકમ રદ કરી સામાવાળા નં. ૧ થી ૩ ને રીમાન્ડ પર સોંપવા અરજી કરેલ છે. જે રીવીઝન અરજી ઈન્ચાર્જ પી.આઈ. એલ.સી.બી. આર.કે. કાં બરીયાએ આપેલ છે જે રીવીઝન અરજી ધ્યાનપુર્વક વંચાણે લીધી.

(૮) આ કામના સામાવાળા નં. ૧ થી ૩ તરફે વિ.વ. શ્રી બી. બી. લાખાણી, વિ.વ. શ્રી એન. જે. જાડેજા, વિ.વ.શ્રી એચ.એમ. ચુંડાવદરા તથા વિ.વ.શ્રી એસ. ડી. જોખીયાએ હાજર થઈ એવી રજુઆત કરેલ છે કે, સામાવાળા નં. ૧ થી ૩ નાને મહે. ટ્રાયલ કોર્ટ જામીન ઉપર મુકત કરેલ છે જેથી નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે આરોપીને પહેલાથી જ જામીન પર મુકત કરવામાં આવેલ હોય ત્યારે પ્રથમ ત.ક.અ.શ્રીએ તે જામીન પર મુકત કરવાનો હુકમ રદ કરવા માટે અરજી કરવી જોઈએ અને ત્યારબાદ તેઓ રીમાન્ડ માંગી શકે અને તેમની ઉપરોકત દલીલના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**એસ.એલ.પી. (ક્રિમીનલ)૧૬૫૩૪૬/૨૫, યોગાદાદાબંદા અને બિજાઓ વિ. સ્ટેટ ઓફ તેલંગણા.**

ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત નમ્રતાપુર્વક વંચાણે લીધો જે ચુકાદાના પેરા-૧૯ માં નામ. સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે, જયારે આરોપી પ્રથમથી જ જામીન પર મુકત કરવામાં આવેલ હોય ત્યારે રીમાન્ડ અરજી જામીનનો હુકમ અમલમાં છે ત્યાં સુધી ધ્યાને લઈ શકાય નહીં. કારણ કે વ્યકિતનો જે જામીન મુકત કરવાનો હુકમ અદાલતે કરેલ છે તે વ્યકિતગત સ્વાતંત્રનો ભંગ થાય છે અને તે સંજોગોમાં રીમાન્ડ અરજી નામંજુર કરેલ.

(૯) આમ ઉપરોકત રીવીઝન અરજીની હકીકતો, સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ મૌખિક દલીલો તથા નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત વંચાણે લેતા જયારે સામાવાળાઓને મહે. ટ્રાયલ કોર્ટે જામીન પર મુકત કરેલ હોય ત્યારે રીમાન્ડ અરજી નામંજુર કરતો હુકમ હુકમ કરેલ છે તે હુકમ રદ કરી સામાવાળા નં. ૧ થી ૩ ને રીમાન્ડ પર સોંપી શકાય નહીં તેવુ ઉપરોકત પ્રસ્થાપિત કાયદાના

અને ચુકાદાના સિધ્ધાંતને વંચાણે લેતા સ્પષ્ટ થાય છે. તે સંજોગોમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદારની હાલની રીવીઝન અરજી ચાલવાપાત્ર જણાતી નથી.

જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. અરજદાર શ્રી સરકારની રીવીઝન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમની જાણ સંબંધિત ટ્રાયલ કોર્ટને કરવી.

આ હુકમ આજરોજ તા.૨૪ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.

તા.૨૪-૦૩-૨૦૨૬

(પી.એચ. શર્મા)
એડીશનલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701